

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ખટપટની પીચ પર ખેલંદા બદલાય છે,
- અને એ જ રીઢા માણસોનાં સ્થાન બદલાય છે,
બદલાય વિશ્વાસપાત્રો અને કેન્દ્રો ખાયકીનાં -
આ 'નિંભર' તંત્રે માત્ર વહીવટ બદલાય છે.
(અધિકારીઓની બદલી)

હાઈકુ

સેના દોરડું,
રમે પક્ષો રમત -
દોરડાં ખેંચ!
(રાજકીય લાભ)

રોગી તંત્રને,
જરૂર છે દવાની -
બનાવો હલ!
(લ્યો! હવે ફાર્મા - હબ)

### ચિંતન

અજરામરવત્ પ્રાજ્ઞઃ વિદ્યામર્થં ચ ચિન્તયેત્ ।
ગૃહીત ઈવ કેશેષુ મૃત્યુના ધર્મમાચરેત ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે. બુદ્ધિશાળી મનુષ્યે પોતે અજર અને અમર હોય તેમ વિદ્યા અને ધનનો વિચાર કરવો જોઈએ. પરંતુ મૃત્યુ વાટ ઝાલીને ઊભું છે. એમ માનીને ધર્મનું આચરણ કરવું જોઈએ.

વિદ્યા અને ધન પ્રાપ્ત કરવા માણસે સખત પુરુષાર્થ - પરિશ્રમ અને તપશ્ચર્યા જરુર કરવાં જોઈએ. ધન-સંપત્તિ અને વિદ્યા સંસ્કાર વિનાનું જીવન પશુવત્ત જ છે. એમાં આળશ ને સ્થાન નથી.

પરંતુ ઘણા લોકો ધર્માચરણ - સત્સંગ - તપ - જપ - તપ કરવા માટે 'પછી કરશું' ની 'તારીખ' નાખે છે. પાછળી અવસ્થામાં આ 'પછી'ની તારીખ કદી આવતી નથી. એ પહેલાં રોગોનો મગરમચ્છ તમને - મને ગળી જશે - માટે મૃત્યુ આજકાલમાં જ આવવાનું છે એમ સમજી ધર્માચરણ શરુ કરી દેવું જોઈએ.

### સુવિચાર

- પુરુષાર્થ જેમ વધે છે તેમ જીવનની જયોત પ્રગટે છે, અંતિમ ધ્યેયને સિદ્ધ કરવા ત્વરા હશે તો એક છલાંગ પૂરતી છે નહીંતર જન્મોજન્મ લાગી જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- વક્ત રહેતા નહીં કહી ટિક કર... ઈસ કી આદત ભી આદમી સી હૈ... - **રજનીશ**
- સુખની આડે એક મોટું નડતર, વધુ પડતા સુખની ધારણારૂપી હોય છે - **જીવચંદ્ર સૂરીશ્વરજી**
- સદ્‌ગુણ કંઈ કાયમ ભારે બલિદાન માંગતો નથી, ફક્ત જરુર પડે ત્યારે તે બલિદાન આપવાની તૈયારીની જ અપેક્ષા એ રાખે છે - **સંત ફ્રાન્સીસ**
- ઉચ્ચ વિચાર અને સિદ્ધાંતોની શક્તિ જેની પાસે છે તે કદી હાર માનતો નથી - **સ્ટીફન કોવી**
- જેને કોઈ વસ્તુ પ્રત્યે વધુ લોભ છે તેને વધુ વેદના સહન કરવી પડે છે - **કબીર**
- આજનું ઔષધ : પગનાં ગોટલા ચડી ગયા હોય તો કોપરેલ તેલ ગરમ કરી માલીશ કરવાથી આરામ થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઘણીવાર જે દેશ-રાજય, વિસ્તારમાં ક્રિકેટની કોઈ સ્પર્ધા થતી હોય ત્યારે ત્યાંના સ્થાનિક લોકોનું ચીસ-બૂમબરાડા-પ્રોત્સાહનથી જ અર્ધી મેચ જીતી જવાતી હોય છે. તેમના વિરોધથી વિરોધી પક્ષ હતાશામાં હારી પણ જતા હોય છે.

દેડકાઓની એક ઊંચા ટાવર પર ચઢવાની સ્પર્ધા યોજાઈ લોકો જોવા મળ્યા - આટલા ઊંચા ટાવર પર કોઈ દેડકો ચઢી ન શકે બધાને ખાતરી હતી. જે કોઈ દેડકો વધારે ઊંચે ચઢે ત્યારે લોકો 'એ પડ્યો' - એ મર્યો - એ લપસ્યો કહી બૂમો પાડતા ને દેડકો પડી હારી- મરી જતા.

આખરે એક દેડકો ચઢી ગયો - લોકોને ખૂબ આશ્ચર્ય થયું - પત્રકારો-ટીવીવાળા ઈન્ટરવ્યુ લેવા આવ્યા. કહ્યું, 'રહસ્ય' કહો.

દેડકાએ કાનમાં સાંભળવાનું 'મશીન' નાખતાં કહ્યું હું બહેરો છું. નીચે હતો ત્યારે મેં જોયું સાંભળ્યું કે લોકોના બૂમ બરાડાથી જ દેડકાં પડે ને મરે છે. મેં કાનમાંથી મશીન જ કાઢી નાખ્યું. કંઈ જ સાંભળ્યું નહીં-ને ચઢી ગયો!! પરિશ્રમ સાથે પ્રેરણા - પ્રોત્સાહન પણ જરુરી છે.

# અબલા જીવન હાય, તુમ્હારી યહી કહાની

સુપ્રીમ કોર્ટ દ્વારા સરકાર તથા લૉ કમિશનને અલગ અલગ સિવિલ કોડને કારણે ઊભી થતી ગૂંચવણ વિશે ખુલાસો કરવાનો આદેશ કરાયો હતો એમાં મૂળે તો ખ્રિસ્તી સમાજમાં છૂટાછેડા મેળવવા માટે બે વર્ષનો ગાળો આપવાનો મુદ્દો કારણભૂત હતો. સુપ્રીમ કોર્ટને જ નહીં, દેશના સામાન્ય નાગરિકને પણ દરેક નાગરિક માટે કાયદામાં એકસરખી જોગવાઈ હોય એવી અપેક્ષા રહે જ. પરંતુ અનેક ધર્મસંપ્રદાયો અને સંસ્કૃતિઓમાં વહેંચાઈ ગયેલ રાષ્ટ્ર માટે બંધારણ ઘડતી વખતે બંધારણસભાએ કોઈની ધાર્મિક પરંપરાને આંચ ન આવે એનું ધ્યાન રાખીને દરેકને પોતપોતાના ધર્મગ્રંથો અનુસાર જીવનપાયન કરવાની છૂટ મળે એવું ફલેક્સીબલ બંધારણ બનાવ્યું હતું. એથી દેશના નાગરિકોને માટે સમાન સિવિલ કોડ - 'યુનિફોર્મ સિવિલ કોડ' લાગુ થઈ શક્યો ન હતો. ભારતીય જનતા પાર્ટીના મૂળ એજંડામાં સમાન સિવિલ કોડ અને જમ્મુ-કાશ્મીર સંદર્ભે ૩૭૦મી કલમની નાબૂદી જેવા મુદ્દા સમાવાયેલા છે. વર્તમાન સંજોગોમાં જયારે ખુદ સુપ્રીમ કોર્ટે સામે ચાલીને લૉ કમિશનને આ મુદ્દે ચોખવટ કરવા જણાવ્યું છે ત્યારે સરકારે ત્રણ તલાકની વિરુદ્ધ સ્પષ્ટ વલણ અખત્યાર કરી મુસ્લિમ મહિલાઓના સમાન અધિકારીઓની તરફેણ કરી છે. મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ આ મુદ્દે સરકાર અને લો કમિશનની સામે આરપારની લડાઈ લડી લેવાનાં મૂડમાં છે. તે માને છે કે ત્રણ તલાક જેવા મુદ્દામાં હસ્તક્ષેપ કરીને સરકાર મુસલમાનના ધાર્મિક અધિકારો પર તરાપ મારી રહી છે. સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરી ત્રણ તલાક પદ્ધતિ એ મહિલાઓના અધિકારોનું હનન કરતી હોવાનું જણાવ્યું છે. હકીકત એ છે કે કોઈ પણ મુસ્લિમ પુરુષ એની પત્નીને કોઈ પણ કારણ બતાવ્યા વગર ફક્ત ત્રણ વાર તલાક, તલાક, તલાક બોલી દઈ છૂટાછેડા આપી શકે છે. એથી બિચારી સ્ત્રી માટે ઉપર આભ અને નીચે ધરતી જેવી લાચાર પરિસ્થિતિમાં સુધારો કરેલ છે. ઘણા બધા મુસ્લિમ દેશોએ આ ત્રણ તલાકવાળી વ્યવસ્થામાં સુધારો કરેલ છે. સરકાર ઈચ્છે છે કે દેશની દરેક સ્ત્રીને સમાન નાગરિક અધિકાર પ્રાપ્ત થાય. મુસ્લિમ યુગલને પણ છૂટાછેડા લેવા હોય તો કાયદાની મર્યાદામાં રહીને જરુર મળી શકે, પરંતુ પુરુષ એના એકાધિકારનો ઉપયોગ કરીને સ્ત્રીને રઝળતી કરી

**તંત્રીસ્થાનેથી...**

દે તે યોગ્ય નથી. આ મુદ્દો હવે ધીરે ધીરે મુસ્લિમોના ધર્મગુરુઓ અને સરકાર વચ્ચે ટકરામણની કક્ષાએ આગળ વધી રહ્યો છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સેક્રેટરી તો ત્યાં સુધી બોલી ગયા કે મોદી અઢી વર્ષના શાસનની નિષ્ફળતાઓ છુપાવવા અને લોકોનું ધ્યાન બીજી દિશામાં વાળવા આ મુદ્દો ઉખેળી રહ્યા છે. તેઓ સરહદોની સુરક્ષા નથી કરી શક્યા એટલે આવા મુદ્દા ઉછાળીને એમના એજંડાનો અમલ કરાવી રહ્યા છે. લૉ કમિશન પણ સરકારના ઈશારે જ કામ કરી રહ્યું છે. દેખીતું છે કે હવે જયારે વાત આટલી હદે વણસી રહી છે ત્યારે ભાજપ માટે આ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે. કેટલીક મુસ્લિમ મહિલાઓએ જ તલાકની બદ્ધતિ નાબૂદ કરવા રજૂઆત કરેલી, વળી ખુદ મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડની મહિલા વિંગનાં વડા પણ ત્રણ તલાકની વિરુદ્ધ હતા. જો કે વિરોધ પક્ષોમાં આ મુદ્દે કેવું વલણ અખત્યાર કરવું એ મુદ્દે અવઢવ પ્રવર્તી રહી છે. કોંગ્રેસે, બધા પક્ષોનો અભિપ્રાય લીધા બાદ જ કોઈ નિર્ણય લેવાય, એવી રજૂઆત કરી છે. મૂળે વાત 'વોટબેંક' પર આવીને અટકી છે.

# જીવનમાં સાંજ આવે ને સજનની યાદ આવે છે

ગાંધીનગર સાહિત્યસભા અવસરવૃત્ત

ગાંધીનગર સાહિત્યસભા, મા ગુર્જરીના ગરવા સાહિત્યને મઘમઘતું અને મહેંકતું રાખવા યોજાતા કાર્યક્રમો પૈકી 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના આંગણે, ખ્યાતનામ સાહિત્યકાર, નવલકથાકાર અને ગાંધીનગરવાસી ડૉ. કેશુભાઈ દેસાઈની પૂજ્ય સંતશ્રી મોરારી બાપુ સાથેની જાપાનની યાત્રા-મુલાકાતનાં સંભારણાં - સંસ્મરણોના કા.સ.શ્રી અને કવિ ભીખુ કવિનીસ્વરચિત રચનાઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ; ભરત કવિના અધ્યક્ષસ્થાને તા.૯-૧૦-૧૬ના રોજ, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે સંપન્ન થયો.

કાર્યક્રમની શરુઆત શબદની આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિથી, મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા, હાજર સર્વેના સુમધુર સ્વરના સથવારે કરવામાં આવી. ત્યારબાદ પ્રમુખ ભરત કવિએ બુકપુષ્પથી ડૉ. કેશુભાઈ દેસાઈનું સ્વાગત કર્યું અને સંસ્થાના વયોવૃદ્ધ સભ્ય શિવસંકર દવેએ સંસ્થાવતી સ્મૃતિભેટ આપી બહુમાન કર્યું. પુષ્પગુચ્છ આપી ભીખુ કવિનું સ્વાગત કર્યું. પ્રમુખ ભરત કવિએ ડૉ. કેશુભાઈ દેસાઈની ઓળખના ઓજસ પાથરતાં જણાવ્યું કે, તેઓ એક મળવા જેવા અને માણવા જેવા - મજાના માણસ છે. તેઓ જ્ઞાનપીઠ એવોર્ડ ચયનસમિતિના સભ્ય રહી ચૂક્યા છે અને તેમણે ૧૦૮ પુસ્તકોની પુસ્તકમાળા મા ગુર્જરીના ચરણે ધરી, સાહિત્યની ઉત્કૃષ્ટ સેવા બજાવી છે આમ તેઓ સમાજનું એક અમોલ ઘરેણું - આભરણ છે. તેમનું શબદ સાથેનું અનુસંધાન - જોડાણ સદાય મહેંકતું અને તરોતાજા છે. કવિ ભીખુ કવિની ઓળખ આપતા જણાવ્યું કે, તેઓ એક નિવૃત્ત સનિષ્ઠ શિક્ષક અને 'એકલવ્ય એક્સલન્ટ ઈનોવેટીવ એવોર્ડથી સન્માનિત' બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર અને કલાકાર છે. તેમણે ૧૦ પુસ્તકો લખ્યાં છે.

ડૉ. કેશુભાઈ દેસાઈએ જાપાન મુલાકતનાં સંભારણાં રજૂ કરતાં જણાવ્યું કે, પૂજ્ય મોરારિ બાપુની કથામાં, બાપુનાં આમંત્રણથી તેઓને અમૂલ્ય લ્હાવો મળ્યો. ૧૫ કલાકની હવાઈ મુસાફરી કરીને ટોકિયોથી ઓસાકા પહોંચ્યા. કથા ક્યુટોમાં (કયોતોમાં) હતી. જાપાનની પ્રથમ રાજધાની નારા, બીજી ક્યુટો અને હાલની ત્રીજી રાજધાની ટોકિયો છે. દુનિયાનો સૌથી મોંઘામાં મોંઘો દેશ જાપાન છે. જયાં પેટ્રોલ કરતાં પાણી મોંઘું છે. જાપાનની સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી બાબત ત્યાંની સ્વચ્છતા છે. રસ્તામાં કયાંક રજકણ, કાગળ કે ગંદકી જોવા ન મળે. સ્વયંશિસ્ત એ જાપાનની ઊડીને આંખે વળગે તેવી બાબત છે. રસ્તામાં માણસો રોડ ક્રોસ કરતા હોય તો, આવતી ગાડીઓ થંભી જાય અને પગે ચાલનારને રસ્તો આપે. તેઓ ઘરને મંદિર માને છે અને તેથી કોઈને પણ પગરખાં સાથે ઘરમાં પ્રવેશ ન આપે. ખુદ મોરારિ બાપુની ચાખડીઓ પણ બહાર ઉતરાવેલ. ત્યાંની સ્વચ્છતા એવી કે વનવિભાગના - જંગલમાં પણ નીચે પાંદડા પડેલાં જોવા ન મળે. ત્યાંની પ્રજા પ્રમાણિક, મહેનતુ અને ખૂબ જ શ્રદ્ધાળુ છે. ત્યાં ગુન્હાઓ લગભગ બનતા નથી. ત્યાંની મોંઘવારીને કારણે લોકો લગ્ન ઓછાં કરે છે, આથી



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ત્યાં વૃદ્ધોનું પ્રમાણ વધુ છે. સરકાર લગ્ન માટે મદદ કરે છે. લોકો કાળી મજૂરી કરે છે અને કોઈને પણ કોઈ પણ પ્રકારનું કામ કરવામાં સહેજે નાનમ નડતી નથી.

જાપાનમાં ૪૦૦ ટાપુઓ છે જેમાં ચાર મોટા ટાપુ છે. ત્યાં વાવાઝોડું, ભૂકંપ અને સુનામી ચાલુ જ હોય. છતાં ત્યાંના લોકોને જુઓ તો સ્ટ્રેસ કે ટેન્શન વગરના સ્માઈલીંગ જણાય. નિયોનને ઉગતા સૂરજનો દેશ કહેવાય છે. વર્ષો પહેલાં બૌદ્ધો વાયા ચીન ત્યાં ગયેલા તે પહેલાં ત્યાં શીન્તાધર્મ હતો. ધીમે ધીમે બૌદ્ધધર્મના ગયા પછી શીન્તા ધર્મ બાજુમાં થઈ ગયો પરંતુ હાલે પણ બંને વચ્ચેનો સમન્વય જળવાઈ રહ્યા છે. ક્યુટો (કયોતો) એ ધર્મનગરી, સંસ્કારી નગરી કહેવાય છે. જાપાનમાં ચાર વર્ણાશ્રમ હતા જેમાં (૧) રાજા, (૨) ક્ષત્રિયો (૩) ખેડૂતો અને (૪) નોકરિયાતો. ત્યાં 'સંયુક્ત પરિવાર' પ્રથા છે. ગુન્હાઓ બિલકુલ થતા નથી તેથી ત્યાં પોલીસ કયાંય નજરે ન ચડે. ત્યાં કોઈ દાન કે ટીપ ન લે. ઈજનેરીકળામાં જાપાન સૌથી આગળ છે. ટેકનોલોજી એટલી વિકસિત છે કે એરપોર્ટ પર તમારી તપાસ પણ ન થાય, ત્યાં ખેતીલાયક જમીન ખૂબ જ ઓછી છે. તે કાચોમાલ - લોખંડ લઈ જઈને તેમાંથી ચીજ-વસ્તુઓ બનાવી નિકાસ કરે છે. ચાર હજાર ટાપુઓને સાંકળતાં

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ઓછા શબ્દોમાં સઘળું સમજાવતો ગાંધીનો વાઈસરોયને 'પાનશેરી' પત્ર

## તરકટી વચનો જો મેં જોયા ન હોત તો હજુ બ્રિટિશ સરકારને સહકાર આપતો હોત!

ગાંધી શ્રેષ્ઠ પ્રત્યાયક (COMMUNICATOR) નો હતા જ. પણ આ પ્રખર પ્રત્યાયકની પ્રત્યાયન વિશેષતાએ પણ હતી કે તેઓ ઓછા શબ્દોમાં પ્રત્યાયન (COMMUNICATION) કરતા હતા. ઓછા શબ્દોમાં સમજાવવાની તેમની કુનેહ આશ્રમવાસીઓની સાથેની વાતચીત કે પત્રલેખનમાં જોવા મળે છે. તો વિશ્વના મહાનુભાવો સાથે કે પત્રકાર કે વાઈસરોય સાથેની ચર્ચા-વાર્તાલાપ કે પત્રોમાં પણ જોવા મળે છે. પરંતુ ઉડીને આંખે વળગે એવી એક વાત એ પણ છે કે ઓછા શબ્દોમાં પણ મહાત્માજી તેમની વાત સચોટ રીતે વ્યક્ત કરતા હતા. આ દેશના બાંધવોને સંપૂર્ણ આઝાદી માટે જે કોઈ અંતરાયો આવતા હોય ત્યારે બેરિસ્ટર ગાંધી સૌમન્ય શબ્દો અને સરળ વાતો થકી સામેની વ્યક્તિને પોતાનો પક્ષ સમજાવતા હતા. આ સમયની તેમની વાતો હોય તો સરળ પણ તેમ છતાં વાંચકોને એ બે વાર વાંચવી પડે એટલી તો મુશ્કેલ હોય જ એમ કહેવું જોઈએ.

૧૯૩૦-૩૧માં ગોળમેજી પરિષદમાં ઈંગ્લેન્ડના વડાપ્રધાને રજૂ કરેલા પોતાના મંતવ્યો પછી ભારતના વાઈસરોયે એક જાહેર નિવેદન બહાર પાડ્યું હતું. ૨૬ જાન્યુઆરી ૧૯૩૧ના આ નિવેદનને આપણે જોઈએ તો તેમના વડાપ્રધાનની વાત એમણે કરી હતી. ગોળમેજી પરિષદમાં ઈંગ્લેન્ડના વડાપ્રધાને આપેલી બાંહેધરી મુજબ કોંગ્રેસની કારોબારી સમિતિના સભ્યોને અંદરોઅંદર તથા કારોબારી સમિતિમાં જેમણે કામ કર્યું છે. તેઓ સભ્યો સાથે ચર્ચા કરવાની પૂરી સ્વતંત્રતા મળવી જોઈએ એમ સ્વીકાર્યું હતું. આ નિર્ણય મુજબ કાયદાનું કોઈ વિઘ્ન ન આવે તે માટે ક્રિમિનલ લૉ અમેન્ડમેન્ટ એક્ટ હેઠળ બહાર પડાયેલું જાહેરનામું સ્થાનિક સરકારો પાછું ખેંચી લેશે તથા શ્રી ગાંધી અને જેઓ હાલ એ સમિતિના સભ્યો તરીકે ચાલુ છે તે બધાને છોડી મૂકવાના પગલાં ભરવાની ખાતરી વાઈસરોયે નિવેદનમાં ઉચ્ચારી હતી.

વાઈસરોય નિવેદનમાં કહે છે ચર્ચાઓ કરી શકે તેમાં જ શાંતિમય પરિસ્થિતિની પુનઃસ્થાપનાની સર્વોત્તમ આશા રહેલી છે, આથી મારી સરકાર બંધનમુક્તિ પર કોઈ જાતની શરતો લાદશે નહીં. સાથોસાથ વાઈસરોય નિવેદનમાં એમ વ્યક્ત થાય છે કે 'અમારા નિર્ણયની જેમના પર અસર પડે તેઓ આ નિર્ણય પાછલ રહેલી ભાવના મુજબ વર્તશે એવો મને પૂરતો વિશ્વાસ છે અને મને શ્રદ્ધા છે કે વડાપ્રધાનની જાહેરાતમાં રહેલા ગંભીર મુદ્દાઓની શાંત અને આવેશરહીત ચકાસણીની જરૂરિયાત તેઓ સ્વીકારશે.' (સંદર્ભ હિન્દુસ્તાન ટાઈમ્સ, ૧૮-૧-૧૯૩૧, ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૫, પૃ.૪૫૯)



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીને વાઈસરોય આ નિવેદન મોકલાવે પણ છે. ગાંધીજી આ સંદર્ભે વાઈસરોયને પત્ર લખે છે. આ પત્રની વિગતો આપણે જોઈએ :

આનંદભવન,
અલ્હાબાદ,
ફેબ્રુઆરી, ૧૯૩૧

નામદાર વાઈસરોય, દિલ્હી
ભાઈશ્રી,

લંડનમાં તાજેતરમાં મળેલી પરિષદના હવે પછીના કાર્યમાં સહકાર આપવા આપે મને જાહેર અપીલ કરી છે, અને બ્રિટિશ વચનો તથા જાહેરાતોની સચ્ચાઈમાં મને શ્રદ્ધા છે એવો જશ મને આપ્યો છે. આપના આ વિધાનનું હું સમર્થન કરી શકું તો કેવું સારું! ૧૯૨૯ના ડિસેમ્બરની ૨૩મી તારીખે મેં આપને જણાવ્યું હતું કે થોડા નેક અપવાદો બાદ કરતાં, મેં બહુ ખેદપૂર્વક અનુભવ્યું હતું કે બ્રિટિશ વચનો અને જાહેરાતો તરકટી હતા, આવું મેં ન જોયું હોત તો જે સક્રિય અને સ્વૈચ્છિક સહકાર હું બ્રિટીશ અમલદારોને હિંદમાં અને હિંદ બહાર આપતો હતો તે કદી બંધ ન કરત.

ગાંધીજી વાઈસરોયના પત્રમાં બ્રિટિસ સરકાર ખોટાં વચનો આપી રહી છે એમ સરળ શબ્દોમાં સ્પષ્ટ કરે છે. સાથોસાથ એ સમયે ખેડા જિલ્લાના બોરસદ ગામે તદ્દન નિર્દોષ અને નિઃશસ્ત્ર સ્ત્રીઓ અને કન્યાઓ ઉપર કારણ વગર ઘાતકી અને જંગલી લાઠીમાર કર્યો. ખુદ કલેકટર જાતે બોરસદમાં આ સમયે હાજર હતા. સ્ત્રીઓ પર પોલીસ અમલદારોએ વર્તાવેલા આ કાળા કેર સાથે સરખાવી શકાય એવો કોઈ દાખલો અર્વાચીન ઈતિહાસમાંથી અત્યારે તો મને જડતો નથી. આ સભામાં ભોમિયા તરીકે કામ કરતા બે-ચાર સ્વયંસેવકો સિવાય આ સભા કે સરઘસમાં કોઈ જ પુરુષો ન હતા એમ પણ તેઓ પત્રમાં કહે છે.

પત્ર લાંબો અને આગલા પાછલા સંદર્ભો સાથેનો છે. ગાંધીની મજબૂત મન સાથેની કલમની ઠંડી તાકાત કેવી હતી એની વિગતો આપણે આગામી લેખમાં પુનઃ જોઈશું.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ-૪૫, પૃ : ૧૩૬, ૧૩૭

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# જયપ્રકાશ કા બિગુલ બજા, તો જાગ ઊઠી તરૂણાઈ હૈ

દુર્ગાપુજાના પવિત્ર દિવસોમાં હજારીબાગ જેલની ઊંચી તથા તોતીંગ દીવાલો સામે કેટલાક કેદીઓ વ્યૂહાત્મક દ્રષ્ટિએ જોતા હતા. લગભગ ૧૭૦૦ ફૂટની ઊંચાઈએ આવેલી તથા આસપાસ ગાઢ જંગલથી ઘેરાયેલી આ જેલ બ્રિટીશ સત્તાધિશોના મતે ''સેઈફ'' હતી. અહીંથી કોઈ કેદી ભાગી શકે તે અશક્યવત્ હતું. પરંતુ જયપ્રકાશ નામધારી એક સ્વાતંત્ર્ય સેનાની જેઓ જેલમાં હતા તે તથા તેમના સાથીઓ જૂદી માટીના બનેલા લડવૈયાઓ હતા. ગાંધીજીએ આપેલો 'હિન્દ છોડો' નો લલકાર તથા ૧૯૪૨ નો આ ઐતિહાસિક સમય હતો. દેશમાં ગાંધીજીના લલકારથી એક નવી ચેતનાનો પ્રાણ ફૂંકાયો હતો. જયપ્રકાશ નારાયણના મનોચક્ષુ સામે દેશની આ સ્થિતિ જેમ જેમ સ્પષ્ટ થતી જતી હતી તેમ તેમ તેમના અંતરની પ્રસન્નતા વધતી જતી હતી. પરંતુ એક બાબત જયપ્રકાશને સતત ખૂંચતી હતી. દેશમાં જયારે આવી ભવ્ય જાગૃતિ તથા સંઘર્ષનો કાળ હોય ત્યારે તેમણે અંગ્રેજોની કહેવાતી સેઈફ જેલમાં પડ્યા રહેવાનું ? મુક્તિના મહાસંઘર્ષની આ ઐતિહાસિક ક્ષણે અંતરાત્મા કંઈક કરી છૂટવાની પ્રેરણા આપતો હતો. આથીજ જેલની દીવાલોને મહાત કરી નાસી છૂટવાના પ્રયાસો જયપ્રકાશ એકચિત્તે વિચારતા હતા. વિચારણાના અંતે નિર્ણય થયો. નિર્ણય ઘણો જોખમી અને પડકારરૂપ હતો. પરંતુ જયપ્રકાશ તો મોતને પણ હંફાવનારા હતા. ૧૯૪૨ના દિવાળીની ઉજવણીના દિવસોમાંજ જયપ્રકાશ તેમના થોડા ચૂનંદા સાથીઓ સાથે સેઈફ ગણાતી જેઈલની તોતીંગ દીવાલો આયોજન તથા યુક્તિપૂર્વક કૂદીને મુક્તિનો શ્વાસ લઈ શકાય તેવા વિશાળ જગતમાં ગરકાવ થઈ ગયા. મુક્તિની આ યાત્રા અત્યંત કષ્ટદાયક હતી પરંતુ 'સ્વયં સ્વીકૃતમ્' કાર્યના આ મહાન નાયક ઝંઝાવાતને પી જનારા હતા. સમગ્ર દેશના અગણિત યુવાનોમાં આ સમાચારથી વીજળીનો સંચાર થયો. હિન્દ છોડો આંદોલનને નવું બળ મળ્યું. દેશના યુવાનોને એક વીરોચીત ઉદાહરણ મળ્યું. જયપ્રકાશ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી અસંખ્ય યુવાનોના પ્રિય આદર્શ બનીને જીવ્યા હતા. જયપ્રકાશની ખુલ્લી અને સ્પષ્ટ વિચારધારા તેમજ વીરતાના ગુણોએ દેશની જનતા પર ભૂરકી છાંટેલી હતી.

દેશની આઝાદી મેળવવા માટેના મહાસંગ્રામના કેટલાક સેનાનીઓ એવા પણ હતા કે સ્વતંત્રતા મળ્યા બાદ રાજકીય સત્તાનો ભાગ બનવાનું તેમણે કદી સ્વીકાર્યું નહિં. કોઈ પદ કે હોદ્દાની તક સામેથી તેમના દ્વારે આવી ત્યારે પણ તેમણે દ્રઢતાપૂર્વક તેનો અસ્વીકાર કર્યો અને સમાજ પરિવર્તનના ક્ષેત્રમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. ગાંધીજીના આ અનુયાઈઓ કે સહકાર્યકરોએ ચોક્કસ સિધ્ધાંતોનું પાલન કરીને આજીવન સમાજનું માર્ગદર્શન કર્યું અને જરૂર પડી ત્યારે તે માટે સંઘર્ષ પણ કર્યો. રાજનીતિ કરતા લોકનીતિ તેમને પરિવર્તન માટેનું વિશેષ અસરકારક સાધન જણાયું. શ્રી જયપ્રકાશ નારાયણ આવા મહામાનવો પૈકીના એક હતા. ૧૧ ઓકટોમ્બર ૧૯૦૨ના દિવસે બિહારમાં જન્મ લેનાર આ નેતાએ ખરા અર્થમાં દેશનું નેતૃત્વ લગભગ પાંચ દાયકા સુધી કર્યું. મધ્યમવર્ગી કાયસ્થ કુંટુંબમાં જન્મેલા જયપ્રકાશની કેળવણીના અગત્યના વર્ષો અમેરિકામાં ગયા અને ત્યાં જ તેઓ માકર્સવાદની અસર નીચે આવ્યા. ૧૯૨૨ થી ૧૯૨૯ સુધીના વિદેશના અભ્યાસકાળ દરમિયાન તેઓ અનુસ્નાતક થયા. અભ્યાસુ, કર્મઠ તથા ઝુઝારુ જયપ્રકાશનું હૃદય દેશના કરોડો સામાન્ય લોકો તરફની અનુકંપાથી ભરેલું હતું. દાદા ધર્માધિકારી કહે છે તેમ જયપ્રકાશ એક એવા ગૃહસ્થ છે કે જેમનું હૃદય સંતનું છે.

ગાંધીજીના આજીવન તથા પૂર્ણ અનુયાઈ પ્રભાવતી ખરા પરંતુ જીવનના એક તબક્કે જે.પી. ગાંધી વિચારના આલોચક હતા. વિચારોનું બંધિયારપણું કે કોઈના વિચારોનું અંધ અનુકરણ એ જાણે જયપ્રકાશની પ્રકૃતિમાંજ ન હતું. ગાંધીજીના વ્યક્તિત્વ તરફ જેપીનું ખેંચાણ હતું. સુભાષબાબુની જેમ જેપી પણ એમ માનતા કે દેશમાં જે વ્યાપક લોક આંદોલન પ્રસરી શક્યું છે તેના મુળમાં ગાંધીજી છે. ગાંધીજીની લોકશક્તિની નાડ પારખવાની શક્તિથી જેપી પ્રભાવિત હતા. પરંતુ તેમ છતાં માકર્સવાદની ઊંડી છાપ જેપીના વિચારો પર એક તબક્કા સુધી સતત રહી હતી. આથી ગાંધીજીના અમુક વિચારો તેમને ઉપયોગી જણાતા ન હતા. તેઓ ગાંધીજીની આકરી આલોચના પણ વિચારભેદના કારણસર કરતા હતા. ગાંધીજીના રામરાજય કે ટ્રસ્ટીશીપના સિધ્ધાંતોની જેપીએ આલોચના કરી હતી. જો કે સમય જતાં જયપ્રકાશના વિચારોનું પવિત્ર ઝરણું બાપુની બે કાંઠે જતી વિચારધારાની ભાગીરથીમાં ભળી ગયું હતું. ગાંધીજીના વ્યક્તિગત જીવનનું તેમને ભારે આકર્ષણ હતું. વિશાળ અને અસરકારક લોક આંદોલનના નિર્માણ માટેની ગાંધીજીની અમાપ શક્તિની જેપીને પ્રતિતિ થયેલી હતી. સમાજવાદ બાબતમાં પણ જેપી તથા તેમના સાથીઓને ગાંધીજી હમેશા કહેતા : '' તમે લોકો હજી જન્મ્યાયે નહોતા તે પહેલાથી હું સમાજવાદી છું. સમાજવાદ તો પોતાની જાતથી શરૂ થાય છે. સમાજવાદી પોતેજ સમાજવાદનો વ્યવહાર શરૂ કરે છે. સમાજવાદ કંઈ રાજયના કહેવાથી નહિ આવી શકે. '' સમગ્ર જનતાને ક્રાંતિના આકરા માર્ગે અહિંસક રસ્તે લઈ જવાની બાપુની કલ્પના ક્રાંતિકારીઓને પણ અદ્દભુત લાગતી હતી.



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મહાત્મા ગાંધીએ એકવાર કહેલું કે સમાજવાદ વિશે જે જયપ્રકાશ નથી જાણતા તે આ દેશમાં બીજું કોઈ નથી જાણતું. ગાંધીજીએ એમ પણ લખ્યું કે જયપ્રકાશના કેટલાક મંતવ્યો સાથે તેઓ સંમત નથી પરંતુ તેમની અખૂટ દેશભક્તિ દરેક બાબતમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. નખશિખ માનવતાવાદી લોકનાયક જયપ્રકાશ નારાયણે પોતાના કાર્યોથી દેશના ગૌરવશાળી ઈતિહાસમાં એક અનોખું સ્થાન અને માન પ્રાપ્ત કર્યા છે. ગાંધીજી અને શાસ્ત્રીજી સાથે ઓકટોમ્બર માસમાં જયપ્રકાશજીનું સ્મરણ એક અનોખા આનંદ તેમજ ગૌરવની અનુભૂતિ કરાવે છે. જેપીના વીર વ્યક્તિત્વના સંદર્ભમાં રામધારીસિંહજી 'દિનકરે' લખેલા શબ્દો ફરી ફરી વાગોળવા ગમે તેવા છે.

કહેતે હૈં ઉસકો જયપ્રકાશ
જો નહિ મરણ સે ડરતા હૈ,
જ્વાલાકો બુઝતે દેખ કુંડ મેં
સ્વયં કૂદ જો પડતા હૈ.